શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ઓર્થોપેડિક - જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થોસ્કોપી (હાડકાના રોગ) ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત ઓર્થોપેડિક - જોઈન્ટ રીપ્લેસમેન્ટ અને આર્થોસ્કોપીક સર્જનોની સેવા ઉપલબ્ધ
ડૉ. સિધ્ધાર્થ એચ. દારૂવાલા – M.S., Orthopedic Surgeon, FIAS
સોમ થી શનિ : સવારે ૧૦ થી ૧૧, સાંજે ૫ થી ૭
ડૉ. અજય ભારદ્વાજ – M.S., Orthopedic Surgeon
સોમ થી શુક્ર : સવારે ૧૦ થી ૧૨
ડૉ. ધવલ ડી. દેસાઈ – M.S., Orthopedic Surgeon, FRCS
સોમ થી શુક્ર : સાંજે ૫ થી ૬
ડૉ. પાર્થ વી. પટેલ – M.S., Orthopedic Surgeon, FIASM, FIJR
દર મહિનાના ત્રીજા શનિવારે સાંજે ૫ થી ૮ અને રવિવારે સવારે ૧૦ થી ૧
કરોડરજ્જુ – કમરના મણકા – ગાદીના સ્પેશીયાલીસ્ટ સર્જન
ડૉ. સાગર ડી. દવે – M.S., Orthopedic - Clinical Fellowship
Registrar in Spine (Bengaluru)
સોમ થી શનિ : સાંજે ૬ થી ૭


# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT | ઉપનાહ સ્વેદન | લેપન | વેધાગ્નિકર્મ | પંચકર્મ
EKLપંચકર્મ | પટ્ટબંધન | અગ્નિકર્મ | ક્ષારકર્મ | વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ એકમ રવિવાર ૧૭ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૪

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# દુનિયા માટે આ આપદાનો દાયકો: મોદી

**બહુ** મોટી વસ્તી ગરીબીમાં ધકેલાઇ જવાનો ભય

**ભારતની** આકાંક્ષાઓ હવે તેની સરહદો પૂરતી મર્યાદિત નથી: નેધરલેન્ડમાં મોદી

**ભારત** એક અભૂતપૂર્વ પરિવર્તનમાંથી પસાર થઇ રહ્યું છે

**નેધરલેન્ડ** પહોંચેલા વડાપ્રધાને ત્યાંના ભારતીય સમુદાયને સંબોધન કર્યું, ભારતની પ્રગતિનું વર્ણન કર્યું



### 'ભારત માતા કી જય'ના નારા લાગ્યા

નેધરલેન્ડ્સના હેગ શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયને સંબોધિત કર્યો. તેમનું ભાષણ પૂરું થતાં જ ત્યાં હાજર લોકોએ 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા. કાર્યક્રમમાં ભારતીય સમુદાયના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર હોલ તાળીઓ અને નારાઓથી ગુંજી ઉઠ્યો હતો.

### નેધરલેન્ડે ઐતિહાસિક તામ્રપત્રો ભારતને પરત કર્યા

નેધરલેન્ડ્સે 11મી સદીની ઐતિહાસિક 'અનાઈમંગલમ કોપર પ્લેટ્સ' (તાંબાની પટ્ટીઓ) ભારતને પરત કરી દીધી છે. આ પટ્ટીઓને નેધરલેન્ડ્સમાં 'લીડેન પ્લેટ્સ' તરીકે ઓળખવામાં આવતી હતી. આ પ્લેટ્સ રાજા ચોલ પ્રથમના શાસનકાળ (ઈ.સ. 985 થી 1014) દરમિયાનની હોવાનું માનવામાં આવે છે.તેમાં નાગપટ્ટિનમના 'ચૂડામણિ વિહાર' બૌદ્ધ મઠને આપવામાં આવેલી જમીન અને કર અનુદાન (ટેક્સ માફી)નો ઉલ્લેખ છે. ઇતિહાસકારોના જણાવ્યા અનુસાર, આ પટ્ટીઓ દક્ષિણ ભારત અને દક્ષિણ-પૂર્વ એશિયા વચ્ચેના દરિયાઇ વેપાર, સાંસ્કૃતિક સંબંધો અને ધાર્મિક સહઅસ્તિત્વ વિશે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. તાંબાની આ પટ્ટીઓમાં 21 મોટી અને 3 નાની પ્લેટોનો સમાવેશ થાય છે, જેનું કુલ વજન આશરે 30 કિલો છે.

ધ હેગ, તા. ૧૬: ભારતને તકોની ભૂમિ ગણાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે દેશ એક અભૂતપૂર્વ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે અને તેની આકાંક્ષાઓ હવે તેની સરહદો પૂરતી સીમિત નથી.

ધ હેગમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું હતું કે ભારત મોટા સપના જોઈ રહ્યું છે અને તેના યુવાનો આકાશને આંબવાની આકાંક્ષા રાખે છે. મોદીએ તેમના ૪૦ મિનિટથી વધુ લાંબા ભાષણમાં જણાવ્યું હતું કે, "૨૧મી સદીનું ભારત એ તકોની ભૂમિ છે. ભારત ટેક્નોલોજીથી સંચાલિત પણ છે અને માનવતાથી સંચાલિત પણ છે. ભારત જેટલું આધુનિક બની રહ્યું છે એટલું જ તે પ્રાચીન પણ છે. તેથી, આ સમય ભારતમાં તમારા પૂર્વજોના ગામો સાથે ફરીથી જોડાવાનો અને એક વિકસિત ભારતના નિર્માણની યાત્રામાં સહભાગી થવાનો પણ છે."

તેમણે નેધરલેન્ડ્સમાં વસતા ભારતના તમામ મિત્રોને ભારત સાથેનું તેમનું જોડાણ વધુ ગાઢ બનાવવા આગ્રહ કર્યો હતો. પ્રશંસાના ભારે તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે કહ્યું, આનાથી ભારતની ક્ષમતાઓ મજબૂત થશે અને તમારા રોકાણ પર તમને વધુ સારું વળતર પણ મળશે - અને આ મોદીની ગેરંટી છે. તેમણે કહ્યું, આજે આપણું ભારત પણ ખૂબ જ ભવ્ય સ્તરે સપના જોઈ રહ્યું છે. આજે દેશ કહી રહ્યો છે - અમે માત્ર પરિવર્તન નથી ઈચ્છતા; અમે શ્રેષ્ઠ ઈચ્છીએ છીએ. અને માત્ર શ્રેષ્ઠ જ નહીં, અમને સૌથી ઝડપી જોઈએ છે. તેથી જ, જ્યારે ભારતમાં આકાંક્ષાઓ અસીમિત છે, ત્યારે અમારા પ્રયાસો પણ અનંત બની રહ્યા છે. મોદીએ જણાવ્યું હતું કે ભારતના યુવાનો હવે આકાશને આંબવાની આકાંક્ષા રાખે છે, અને ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મજબૂત થવા પાછળનું કારણ પણ આ જ છે. તેમણે ઉમેર્યું, હવે આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છીએ. તેમણે કહ્યું, આજે ભારતની આકાંક્ષાઓ માત્ર તેની પોતાની સરહદો પૂરતી સીમિત નથી. ભારત ઓલિમ્પિક્સની યજમાની કરવા, વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનવા, ગ્રીન એનર્જી ક્ષેત્રે અગ્રેસર તરીકે ઉભરી આવવા અને વિશ્વ માટે વિકાસના એન્જિન તરીકે સેવા આપવા ઈચ્છે છે. મોદીએ ત્યાંના ભારતીય સમુદાયની પ્રશંસા કરતા કહ્યું હતું કે જ્યારે પણ નેધરલેન્ડના નેતાઓ સાથે મારી વાતચીત થઇ છે ત્યારે તેમણે તમારા વખાણ કર્યા છે અને કહ્યું છે કે નેધરલેન્ડના વિકાસમાં ભારતીયોએ ઘણો ફાળો આપ્યો છે. મોદીએ ભારતમાં સ્ટાર્ટઅપ્સમાં પ્રગતિ તથા યુપીઆઇ ટ્રાન્ઝેકશનોના જંગી પ્રમાણ સહિત ભારતની પ્રગતિની અનેક વાતો વર્ણવી હતી.

મોદીએ ધ હેગમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા વિશ્વની

...અનુસંધાન પાના 11 પર

### ભારતમાં ચલાવવામાં આવતાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ

# 'ઓપરેશન રેજપિલ': મુન્દ્રા પોર્ટ પાસે 196 કિલો કેપ્ટાગોન પાવડર પકડાયો

**અગાઉ** દિલ્હીમાં 31.5 કિલો કેપ્ટાગોન ટેબલેટ્સ પકડાઇ હતી, ત્યાંથી આખો રેલો મુન્દ્રા પોર્ટ સુધી પહોંચ્યો

**મુન્દ્રા** પોર્ટમાં પકડાયેલો જથ્થો 'ઘેટાંના ઉન' તરીકે જાહેર કરી કન્ટેનરમાં ભરવામાં આવ્યો હતો

ગાંધીનગરઃ નારકોટિક્સ કંન્ટ્રોલ બ્યૂરો દ્વારા હાથ ધરાયેલા 'ઓપરેશન રેજપિલ' અંતર્ગત આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ હેરફેરના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ઓપરેશન દરમિયાન ભારતમાં પ્રથમ વખત મધ્ય પૂર્વમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા સાયકોટ્રોપિક પદાર્થ 'કેપ્ટાગોન'નો વિશાળ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. કુલ 227.7 કિલોગ્રામ કેપ્ટાગોન ટેબ્લેટ્સ અને પાવડર જપ્ત કરવામાં આવ્યા છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે રૂ. 182 કરોડ

...અનુસંધાન પાના 11 પર

### ડ્રગ્સ માફિયા ભારતને ડ્રગ્સના ટ્રાન્ઝિટ હબ તરીકે બનાવવા માંગતા હતા

એનસીબીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ જપ્તી ભારતને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ દ્વારા ટ્રાન્ઝિટ હબ તરીકે ઉપયોગ કરવાના પ્રયાસોને ખુલ્લા પાડે છે. આ કેસમાં પ્રાપ્તિ સ્રોત, હવાલા નેટવર્ક, લોજિસ્ટિક્સ ચેઇન, આંતરરાષ્ટ્રીય રિસીવર્સ અને અન્ય સહયોગીઓ સુધી પહોંચવા માટે વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે. એનસીબીએ તાજેતરમાં મુંબઈમાં ઇક્વાડોરથી આવેલા કન્ટેનરમાંથી 349 કિલોગ્રામ કોકેન પણ જપ્ત કર્યું હતું. આ બંને કાર્યવાહી દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક હવે કમર્શિયલ કાર્ગો અને કન્ટેનર ટ્રેડ રૂટ્સનો વધતો ઉપયોગ કરી રહ્યા છે.એનસીબીએ સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સંકલન કરીને આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ સિન્ડિકેટ્સને તોડી પાડવા માટે અભિયાન આગળ પણ ચાલુ રહેશે.

### દિલ્હીમાં તા.11 મેના રોજના દરોડામાં સીરિયન નાગરિક પાસેથી 31.5 કિલો કેપ્ટાગોન ટેબલેટ્સ મળી હતી

આ સમગ્ર ઓપરેશનની શરૂઆત વિદેશી ડ્રગ લો એન્ફોર્સમેન્ટ એજન્સી પાસેથી મળેલી ચોક્કસ માહિતીના આધારે થઈ હતી. તપાસ દરમિયાન દિલ્હી સ્થિત નેબસરાઈ વિસ્તારમાં આવેલા એક મકાનમાં 11 મેના રોજ દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાં કમર્શિયલ ચપાતી કટિંગ મશીનમાં છુપાવવામાં આવેલી 31.5 કિલો કેપ્ટાગોન ટેબ્લેટ્સ મળી આવી હતી. આ કેસમાં વિઝાની મુદત પૂરી થયા પછી પણ ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા એક સીરિયન નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી 15 નવેમ્બર, 2024ના રોજ ટૂરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યો હતો, પરંતુ જાન્યુઆરી 2025માં વિઝા પૂર્ણ થયા બાદ પણ ભારતમાં જ રહ્યો હતો અને દિલ્હી ખાતે ભાડાનું મકાન લઈને આ સમગ્ર નેટવર્ક સંચાલિત કરી રહ્યો હતો.

### કેપ્ટાગોનનો મોટો જથ્થો પકડાવા બદલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અધિકારીઓને અભિનંદન આપ્યા

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ આ સફળ ઓપરેશન બદલ એનસીબીના અધિકારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે "ઓપરેશન રેજપિલ" દ્વારા કહેવાતા "જેહાદી ડ્રગ" કેપ્ટાગોનની ભારતમાં અત્યાર સુધીની પ્રથમ જપ્તી કરવામાં સફળતા મળી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મોદી સરકાર ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ પર અડગ છે અને ભારતને ટ્રાન્ઝિટ રૂટ તરીકે ઉપયોગ કરવાના દરેક પ્રયાસ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધ્યું: આઈએમડી

નવી દિલ્હી, તા. ૧૬ (PTI) દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર, સમગ્ર નિકોબાર ટાપુઓ અને શ્રી વિજયા પુરમ સહિત આંદામાન ટાપુઓના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. એમ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ શનિવારે જણાવ્યું હતું. હવામાન વિભાગ જણાવ્યું હતું કે, આગામી ત્રણ-ચાર દિવસ દરમિયાન દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીના વધુ કેટલાક ભાગોમાં ચોમાસંદ આગળ વધવા માટે પરિસ્થિતિ સાનુકૂળ છે. આ જ સમયગાળા દરમિયાન આંદામાન ટાપુઓ અને આંદામાન સમુદ્રના બાકીના ભાગો તેમ જ પૂર્વ-મધ્ય બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં પણ ચોમાસાની શરૂઆત જોવા મળી શકે છે.

આઈએમડીએ જણાવ્યું હતું કે, "આ પ્રદેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના આગળ વધવા માટેના તમામ માપદંડો પૂર્ણ થયા છે."

વિભાગે શુક્રવારે જણાવ્યું હતું કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૨૬ મેના રોજ કેરળમાં વહેલું શરૂ થવાની સંભાવના છે. કેરળમાં સામાન્ય રીતે ૧ જૂને ચોમાસાની શરૂઆત થાય છે, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે. અગાઉ, આઈએમડીએ જણાવ્યું હતું કે, ભારતમાં આ વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન સામાન્ય

...અનુસંધાન પાના 11 પર

તા.૧૬-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૦° સે. | ૨૯.૨° સે. | ૨૩% |

# ટ્રમ્પની ટીમે ચીની ભેટસોગાદો કચરા પેટીમાં ફેંકી દીધી

**ચીની** જાસૂસીના ભયથી આમ કરવામાં આવ્યું

**પહેલા** પણ આ રીતે કરાતું હતું પણ આ વખતે જાહેરમાં કરાયું, કડવાશ પણ આ માટે જવાબદાર હોવાની અટકળ

**ટ્રમ્પનું** વિમાન રવાના થાય તે પહેલા જ રેડ કાર્પેટ ખસેડી લેવાઇ



બૈજિંગ, તા. ૧૬: ચીન પ્રવાસથી પરત ફરતી વખતે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના સત્તાવાર પ્રતિનિધિમંડળે બીજિંગ એરપોર્ટ પર જે આકરો નિર્ણય લીધો, તે વર્તમાન સમયમાં બંને દેશો વચ્ચેના ઊંડા અવિશ્વાસ અને સાયબર સુરક્ષાના ભયને સ્પષ્ટપણે દર્શાવે છે. એરફોર્સ વન વિમાનમાં સવાર થતાં પહેલાં, અમેરિકી સુરક્ષા સ્ટાફે ચીન તરફથી મળેલી તમામ ભેટ-સોગાદો અને સત્તાવાર સામગ્રીને એરપોર્ટના રેમ્પ પર જ કચરાપેટી ભેગી કરી દીધી હતી.

આ આક્રમક પગલાં પાછળનું મુખ્ય કારણ ટેકનોલોજીકલ જાસૂસીનો ડર હતો. અમેરિકી સુરક્ષા એજન્સીઓ અને સિક્રેટ સર્વિસને શંકા હતી કે ચીન દ્વારા આપવામાં આવેલા ઉપહારો, કી-ચેઈન, ઓળખપત્રો, પ્રતિનિધિમંડળના પિન અને મીડિયા ટૂર દરમિયાન અપાયેલા 'બર્નર ફોન્સ' કે સીડીઓમાં ટ્રેકિંગ ડિવાઈસ અથવા માલવેર છુપાયેલા હોઈ શકે છે. વિમાનમાં આવી કોઈ પણ વસ્તુ લઈ જવાની સખત મનાઈ હતી, જેથી ભવિષ્યમાં વ્હાઈટ હાઉસ કે અમેરિકી નેટવર્કની ગોપનીય માહિતી જોખમમાં ના મુકાય. ભૂતકાળમાં આવા પગલાં ગુપ્ત રીતે લેવાતા હતા, પરંતુ આ વખતે ચીની અધિકારીઓની નજર સામે જ જાહેરમાં એરપોર્ટ પર આ બધી વસ્તુઓ કચરામાં ફેંકવામાં આવી. આવુ કરવા પાછળ કડવાશ પણ જવાબદાર માનવામાં આવે છે. જો કે જાહેરમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાતો સૌહાર્દપૂર્ણ દેખાતી હતી, પરંતુ વાસ્તવિકતા અલગ હતી. સોયાબીન અને બોઈંગ વિમાનોના સોદા સિવાય વેપાર અને દુલર્ભ ખનિજો અંગે બંને દેશો વચ્ચે કોઈ મોટો નક્કર કરાર થઈ શક્યો નથી તે બાબતે કડવાશ હોવાનુ પણ મનાય છે. એ પણ બન્યું હતું કે ટ્રમ્પ વિદાય થયા કે તરત જ ચીની કર્મચારીઓએ રેડ કાર્પેટ અને સીડીઓ ખસેડી લીધી હતી. વિમાનના ઉડવાની પણ રાહ જોવામાં આવી ન હતી.

# પાકિસ્તાન તેના સંરક્ષણ બજેટમાં ૧૦૦ અબજ રૂપિયાનો વધારો કરશે

**પાકિસ્તાની** સરકાર IMF સમર્થિત સુધારા કાર્યક્રમ હેઠળ પોતાનું બજેટ તૈયાર કરી રહી છે

ઈસ્લામાબાદ, તા. ૧૬(પીટીઆઈ) પાકિસ્તાન આગામી નાણાકીય વર્ષમાં તેના સંરક્ષણ બજેટમાં આશરે ૧૦૦ અબજ પાકિસ્તાની રૂપિયાનો વધારો કરે તેવી અપેક્ષા છે. સરકાર આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (હ) સમર્થિત સુધારા કાર્યક્રમ હેઠળ પોતાનું બજેટ તૈયાર કરી રહી છે, જે આવકમાં તીવ્ર વધારો દર્શાવે છે, તેમ એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે.

'ડોન' અખબારે ૭ અબજ યુએસ ડોલરની એક્સ્ટેન્ડેડ ફંડ ફેસિલિટી (EFF) ની ત્રીજી સમીક્ષા અને ૧.૪ અબજ યુએસ ડોલરની રેઝિલિઅન્સ એન્ડ સસ્ટેનેબિલિટી ફેસિલિટી (RSF) ની બીજી સમીક્ષા પૂર્ણ થયા બાદ બહાર પાડવામાં આવેલા IMF સ્ટાફ રિપોર્ટને ટાંકીને જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે સંરક્ષણ ખર્ચ ૨.૬૬૫ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા(PKR) અંદાજવામાં આવ્યો છે, જે ચાલુ વર્ષના ૨.૫૬૪ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા કરતાં વધુ છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર, IMF એ વર્ષ ૨૦૨૬-૨૭ માટે પાકિસ્તાનની કુલ ફેડરલ આવક ૧૭.૧૪૪ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા રહેવાનો અંદાજ મૂક્યો છે - જે ચાલુ નાણાકીય વર્ષ કરતાં ૨ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા કરતાં વધુ છે અને તેમાં ૧૩.૫ ટકાનો વધારો દર્શાવે છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાને જીડીપીના ૦.૨ ટકા જેટલો કેન્દ્ર અને પ્રાંતીય સરકારોનો સંયુક્ત ખર્ચ વધારીને કુલ ૪.૨૨૭ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા કરવા તેમજ જૂન ૨૦૨૭ સુધીમાં તમામ કેન્દ્રીય અને પ્રાંતીય સરકારી ચૂકવણીઓનું ડિજિટલાઈઝેશન કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી છે.

IMF કાર્યક્રમ સાથે જોડાયેલા વ્યાપક સુધારાઓના ભાગરૂપે, સરકાર વિગતવાર વિશ્લેષણ અને ઓડિટ માટે આ વર્ષના અંત સુધીમાં સૌથી વધુ ભ્રષ્ટાચારની સંભાવના ધરાવતી ટોચની ૧૦ સંસ્થાઓની ઓળખ કરશે. પ્રાંતીય ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીઓને પણ મજબૂત કરવામાં આવે તેવી અપેક્ષા છે.

# CBSEએ ૧ જુલાઈથી ધોરણ ૯માં ત્રણ ભાષાઓનો અભ્યાસ ફરજિયાત કર્યો

**ત્રીજી** ભાષા માટેનું તમામ મૂલ્યાંકન સંપૂર્ણપણે શાળા-આધારિત અને આંતરિક રહેશે

નવી દિલ્હી, તા. ૧૬ (PTI): સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા બહાર પાડવામાં આવેલા એક પરિપત્ર અનુસાર, બોર્ડે ૧ જુલાઈથી શરૂ થતા શૈક્ષણિક સત્રથી ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછી બે સ્થાનિક ભારતીય ભાષાઓ સહિત ત્રણ ભાષાઓનો અભ્યાસ ફરજિયાત બનાવ્યો છે.

આ પગલું સીબીએસઈની 'સ્કીમ ઓફ સ્ટડીઝ'ને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ અને સ્કૂલ એજ્યુકેશન માટેના નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક (એનસીએફ-એસઈ) ૨૦૨૩ સાથે સુસંગત કરવાનો એક ભાગ છે.

૧૫ મેના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, વિદેશી ભાષા પસંદ કરનારા વિદ્યાર્થીઓ બે સ્થાનિક ભારતીય ભાષાઓનો અભ્યાસ કર્યા પછી જ તેને ત્રીજી ભાષા તરીકે અથવા ચોથી વધારાની ભાષા તરીકે પસંદ કરી શકશે.

પરિપત્રમાં જણાવાયું છે કે, "ધોરણ IX માટે ૧ જુલાઈ, ૨૦૨૬થી ત્રણ ભાષાઓ (આર1, આર2, આર3)નો અભ્યાસ ફરજિયાત રહેશે, જેમાં ઓછામાં ઓછી બે ભાષાઓ સ્થાનિક ભારતીય ભાષાઓ હોવી જરૂરી છે."

...અનુસંધાન પાના 11 પર

# આવતા સપ્તાહે ઈરાન પર ફરીથી હુમલો કરવાની તૈયારી કરતું અમેરિકા

**૫૦** હજારથી વધુ સૈનિકો અને શસ્ત્ર સરંજામ અખાતી વિસ્તારમાં તૈયારઃ ન્યૂયોર્ક ટાઇમ્સનો અહેવાલ

**મધ્યસ્થીકાર** પાકિસ્તાનના મંત્રીએ તેહરાન જઇ સમજાવટ શરૂ કરી

વૉશિંગ્ટન, ન્યૂયોર્ક, ઈસ્લામાબાદ, તા.૧૬: અમેરિકા આવતા અઠવાડિયે ઈરાન પર ફરીથી સૈન્ય હુમલાની તૈયારી કરી રહ્યું છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલો અનુસાર, પેન્ટાગોને હુમલા માટેના કેટલાક વિકલ્પો તૈયાર કર્યા છે અને હવે અંતિમ નિર્ણય રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેવાનો છે.

અમેરિકાના રક્ષા મંત્રી પીટ હેગસેથે જણાવ્યું કે જરૂર પડ્યે સૈન્ય કાર્યવાહી વધારવાની યોજના તૈયાર છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાના વિકલ્પોમાં ઈરાનના સૈન્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચ ઠેકાણાઓ પર મોટા હવાઈ હુમલા સામેલ છે. એક વિકલ્પ અમેરિકી સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસને જમીન પર ઉતારીને ઈસ્ફહાન પરમાણુ સાઈટમાં દટાયેલી પરમાણુ સામગ્રી એટલે કે એનરિચ્ડ યુરેનિયમ સુધી પહોંચવાનો પણ છે. જો કે, અધિકારીઓએ સ્વીકાર્યું છે કે આવું ઓપરેશન અત્યંત જોખમી સાબિત થઈ શકે છે અને તેમાં મોટું સૈન્ય નુકસાન થઈ શકે છે.

અહેવાલ મુજબ, અમેરિકાએ મિડલ-ઈસ્ટમાં 50 હજારથી વધુ સૈનિકો તૈનાત રાખ્યા છે. આ સિવાય બે એરક્રાફ્ટ કેરિયર, એક ડઝનથી વધુ નેવી ડેસ્ટ્રોયર અને મોટી સંખ્યામાં ફાઈટર જેટ્સ પણ આ વિસ્તારમાં હાજર છે. અંદાજે 5 હજાર મરીન અને 82મી એરબોર્ન ડિવિઝનના 2 હજાર પેરાટ્રૂપર્સ પણ આદેશની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ, બંને વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કરી રહેલ પાકિસ્તાનના

...અનુસંધાન પાના 11 પર